# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૬
# તારીખ : ૨૬–૦૭–૨૦૨૪

આથી ઠરાવ કરવામાં આવે છે કે જે તે ખાતાના કર્મચારીશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | મહેશભાઈ હીરાભાઈ હરીજન | પી.એફ.લોન | ૨૦૦૦૦૦.૦૦ |
| | | | ૨૦૦૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૭
## તારીખ.૨૬–૦૭–૨૦૨૪

આજ રોજ તારીખ.૨૬–૦૭–૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીની ભલામણ ધ્યાને લેતા ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની નગરપાલિકામાં આવેલ અરજીઓનો ક્રમ–૧ થી ૧૫૬ સુધીની અરજીઓ ટેક્ષ વિભાગમાં આવેલ છે.જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને અરજદારો તરફથી સદર મિલ્કતોની સીટી સર્વે નકલ, સાત–બારની નકલ સાથે હકક પત્રક–છ રજુ કરેથી નકલ આધારે નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૮
## તારીખ.૨૬–૦૭–૨૦૨૪

આજ રોજ તારીખ.૨૬–૦૭–૨૦૨૪ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીની ભલામણ ધ્યાને લેતા શહેરની ખાનગી મીલકતો જે નવી આકારણી, એકત્ર કરવા, ભાગ પાડવા, મિલ્કતની ફેર આકારણી, નામ શેષ(ખંડેર) અને ખુલ્લી જગ્યા કરવા, ખુલ્લા પ્લોટની આકારણી, બાંધકામ વર્ષમાં સુધારો, મિલ્કતના માપમાં સુધારો, ભાડુઆત નામ દાખલ અને કમી કરવા, રહેણાંક વેરો કરવા, ધંધાકીય(બીન રહેણાંક) નંબર પાડવા, સી.ટી.સર્વે નંબરમાં સુધારો, પાણી વેરો, ગટર વેરો રદ કરવા આવેલ અરજી નંબર–૧ થી ૧૨૯ સુધીની અરજીઓની ઝોનલ મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ કરાવવીને ટેક્ષ વિભાગ મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૯
## તારીખ.૨૬–૦૭–૨૦૨૪

**આથી ઠરાવવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા પ્રમુખસાહેબશ્રીની ભલામણ ધ્યાને લેતા ઈ–નગર પોર્ટલ પર ડિજીટલ –કી (DIGITAL SIGNETURE) ઈ–નગરના મેરેજ રજીસ્ટ્રેશન ,બીલ્ડીંગ પરમીશન તથા ગુમાસ્તા ધારા જેવા મોડયુલમાં શર્ટીફિકેટ માટે ડિજીટલ–કી ની જરૂર હોય જે GNFC(ncode solution)પાસે બનાવડાવા તેમજ તે અંગેનો ખર્ચ રૂા.૧૦૯૬/– મંજુર કરવામાં આવે છે.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. સોનલબેન નિતીનકુમાર જોષી**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહી. નિતાબેન દિલીપભાઈ રાણા**

<u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૭૦</u>

<u>તારીખ. ૨૬–૦૭–૨૦૨૪</u>

ઉપરોકત રીપોર્ટની વિગત અને ચીફ ઓફીસરશ્રીની ભલામણ વંચાણમાં લેતા ખંભાત શહેરની હદ વિસ્તારમાં હરતી ફરતી હાથલારી અને પાથરણા મારફતે ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવાનો ઈજારો જાહેર હરાજી થી આપવા અંગે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૪૬/તારીખ.૦૬–૦૫–૨૦૨૩ થી સદર ઈજારાની શરતો મંજુર થયેલ છે. જે મુજબ સદર ઈજારાની જાહેર હરાજી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૯/તારીખ.૩૦–૦૫–૨૦૨૩ થી મંજુર થયા મુજબ સુનીલકુમાર કાંતીલાલ મિસ્ત્રી રહેવાસી.જાગનાથ મહાદેવની ચાલી, અકબરપુર, ખંભાતને સદર ઈજારો રૂપિયા. ૨૮,૬૦,૦૦૦ + GST રૂપિયા.૫,૧૪,૮૦૦/– કુલ રૂપિયા.૩૩,૭૪,૮૦૦/– અંકે રૂપિયા તત્રીસ લાખ ચુવ્વોતેર હજાર આઠસો પુરામાં આપવા માટે સુ.જા.નં.૫૨૨/તારીખ. ૩૧–૦૫–૨૦૨૩ થી ૧ (એક) વર્ષ માટે તારીખ.૦૧–૦૬–૨૦૨૩ થી તારીખ.૩૧–૦૫ –૨૦૨૪ સુધી આપવામાં આવેલ છે. જેની મુદ્દત તારીખ.૩૧–૦૫–૨૦૨૪ ના રોજ પુર્ણ થયેલ છે.

તેઓના સદર ઈજારાના હપ્તાની રકમ નગરપાલિકામાં ચુકતે ભરાઈ ગયેલ છે. જેથી નિયમ મુજબ અરજદારશ્રી સુનીલકુમાર કાંતીલાલ મિસ્ત્રીએ જાહેર હરાજીમાં ભાગ લેવા માટે ભરેલ હરાજી ડિપોજીટની રકમ રૂપિયા.૧,૫૦,૦૦૦/–પાવતી નંબર–૨૭૧૯/તારીખ. ૨૬–૦૫–૨૦૨૩ થી નગરપાલિકામાં ભરેલ છે અને અર્નેષ્ટ મની ડિપોજીટની રકમ રૂપિયા.૧,૫૦,૦૦૦/– પાવતી નંબર–૨૯૫૬/તારીખ.૩૧–૦૫–૨૦૨૩ થી અને અર્નેષ્ટ મની ડિપોજીટની રકમ રૂપિયા.૪,૧૨,૪૬૭/– એસ.બી.આઈ.બેંક, ખંભાત ચેક નંબર– ૪૫૯૩૦૧ પાવતી નંબર–૩૨૦૫/તારીખ.૦૬–૦૬–૨૦૨૩ થી ભરેલ છે. કુલ અર્નેષ્ટ મની ડિપોજીટ રૂપિયા.૫,૬૨,૪૬૭/– નગરપાલિકામાં ભરેલ છે. કુલ ડિપોજીટો રૂપિયા. ૭,૧૨,૪૬૭/– ભરેલ છે. સદર ઈજારો પુર્ણ થયેલ હોવાથી તે ભરેલ હરાજી ડિપોજીટ અને અર્નેષ્ટ મની ડિપોજીટની કુલ રકમ રૂપિયા.૭,૧૨,૪૬૭/– પરત(રીફંડ)લેવા માટે નગર–પાલિકામાં તારીખ.૧૮–૦૬–૨૦૨૪ ના રોજ અરજી આપેલ છે. જે ધ્યાને લઈ નિયમ મુજબ હરાજી ડિપોજીટ રૂપિયા.૧,૫૦,૦૦૦/– અને અર્નેષ્ટ મની ડિપોજીટ રૂપિયા. ૫,૬૨,૪૬૭/–કુલ રૂપિયા.૭,૧૨,૪૬૭/– અંકે રૂપિયા સાત લાખ બાર હજાર ચારસો

સડસઠ પુરા ડિપોજીટ જમા કરાવેલ છે. જેમાંથી નગરપાલિકાના ઈજારાના હપ્તા નંબર–૧૦માં રૂપિયા.૨૦,૦૦૦/– ઓછા ભરેલ છે તે કાપીને નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ બાકીની રકમ પરત(રીફંડ) આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૭૧
# તારીખ.૨૬–૦૭–૨૦૨૪

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફિસરશ્રી તથા મે.પ્રમુખશ્રીની ભલામણ વંચાણે લેતા ''ખંભાત નગરપાલિકા વોર્ડ નંબર ૧ થી ૯ માં ડોર ટુ ડોર કચરો એકત્રીકરણની કામગીરી'' કરવા સરકારશ્રીમાંથી જણાવેલ. આ અંગે સદર કામગીરીનો એસ્ટીમેટ નગરપાલિકાના કંન્સલ્ટન્ટ મારફતે તૈયાર કરાવતા જેની રકમ રૂા.૧,૭૧,૦૨,૧૫૦/– થતી હોઈ જે સદર કામગીરી નીચે મુજબ જણાવેલ ૧૫મું નાણાંપંચ હેઠળ (૨૦૨૨–૨૩) પૈકી ટાઈડ ગ્રાંટમાંથી ૫૦% અને અનટાઈડ ગ્રાંટમાંથી ફાળવેલ રકમ હેઠળ સદર કામગીરી કરવા ઠરાવવામાં આવે છે.

| નં | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર નં.મફબ/ યુ–૨/૧૫મું નાણાંપંચ/પ્રથમ હપ્તો(અનટાઈડ)/ ૨૦૨૨–૨૩/૪૧૬૨ તા.૦૨/૦૫/૨૦૨૩ | ૮,૧૨૯,૬૫૪.૦૦ |
| ૨ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર નં.મફબ/ યુ–૨/૧૫મું નાણાંપંચ/બીજો હપ્તો(અનટાઈડ)/ ૨૦૨૨–૨૩/ ૬૨૩૨ તા.૩૧/૦૩/૨૦૨૪ | ૨,૯૦૦,૦૦૦.૦૦ |
| 3 | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર નં.મફબ/ યુ–૨/૧૫મું નાણાંપંચ/બીજો હપ્તો(ટાઈડ ગાંટ)/ ૨૦૨૨–૨૩/ ૨૦૨૪/૬૪૧૪ તા.૩૧/૦૩/૨૦૨૪ | ૬,૧૨૯,૩૩૬.૦૦ |
| | | ૧૭,૧૫૮,૯૯૦.૦૦ |

ઉપર મુજબના સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની અને ગુજરાત મ્યુની. ફાઈ.બોર્ડની સુચનાઓ શરતો વિગતોનું પાલન કરશે તથા ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડ તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાટ ઉપરાંત કાંઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે. સદર ગ્રાંટ હેઠળના કામો માટે અન્ય કોઈ યોજનાઓથી ગ્રાંટ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૭૨
## તારીખ.૨૬–૦૭–૨૦૨૪

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી તથા પ્રમુખશ્રીની ભલામણ ધ્યાને લેતા ખંભાત નગરપાલિકામાં સરકારશ્રીની યોજના ઈ.ગર્વનન્સ અંતર્ગત મરકયુરી ઈનફોવે, જી/૪, અર્જુન એપાર્ટમેન્ટ, સી.પી.નગર પાસે, ઘાટલોડીયા અમદાવાદ–૩૮૦૦૬૧ પાસેથી (૧) એરીયા બેઈઝ ટેક્ષ ખાતુ (૨) એસેટ બ્રાન્ચ (દુકાન ભાડા) (૩) પેરોલ સીસ્ટમ (પગાર) (૪) ઈનવર્ડ આઉટવર્ડ(૫) સામાન્ય પહોંચ(૬) વ્યવસાય વેરો(૭) ગુમાસ્તા ધારા(રીટ્રાઈવ) (૮) મેરેજ રજીસ્ટ્રેશન(રીટ્રાઈવ)(૯) જન્મ મરણ નોંધણી(રીટ્રાઈવ)નો સોફટવેર મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૬૦ તારીખ.૨૮–૦૫–૨૦૧૬થી બે વર્ષ માટે તારીખ.૦૧–૦૪–૨૦૧૬ થી તારીખ.૩૧–૦૩–૨૦૧૮ સુધી રૂપીયા.૨,૬૦,૦૦૦/–અંકે રૂપીયા બે લાખ સાંઈઠ હજાર પુરાથી મંજુર કરવામાં આવેલ છે. જેમાં તઓનો સોફટવેર મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટ તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પુર્ણ થતાં તેઓનો કોન્ટ્રાકટ રીન્યુ કરવા માટે એજન્સી તરફથી તારીખ.૧૫–૧૧–૨૦૧૮ નો પત્ર અત્રે આવેલ છે જેમાં તેઓ તરફથી ઈ.ગર્વનન્સ સોફટવેર કાર્યરત કરવા ખંભાત નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૩૮તારીખ.૩૦–૧૧–૨૦૧૮માં જણાવેલ ત્રણ (૩) વર્ષ માટેના રૂપીયા. ૩,૯૦,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ નેવું હજાર પુરા પૈકી વાર્ષીક એટલે કે એક વર્ષના રૂપીયા. ૧,૩૦,૦૦૦/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પુરા લેખે કુલ ત્રણ (૩) વર્ષ માટે તેઓ તરફથી જુના ભાવથી રીન્યુ કરવામાં આવેલ છે. જેમાં તેઓનો તારીખ.૨૫–૧૦–૨૦૨૧નો પત્ર અત્રે આવેલ છે જેમાં તેઓ તરફથી ઈ.ગર્વનન્સ સોફટવેર કાર્યરત કરવા માટે આગામી ત્રણ વર્ષ માટે એટલે કે તારીખ.૦૧–૦૪–૨૦૨૧ થી તારીખ.૩૧–૦૩–૨૦૨૪ સુધી ત્રણ વર્ષ માટેના રૂપીયા.૩,૯૦,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ નેવું હજારા પુરા પૈકી વાર્ષીક એટલે કે એક વર્ષના રૂપીયા.૧,૩૦,૦૦૦/–અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પુરા લેખે કુલ ત્રણ (૩) વર્ષ માટે તેઓ તરફથી જુના ભાવથી કામગીરી કરવા સંમતી દર્શાવેલ છે અને ઓર્ડર રીન્યુ કરવામાં આવેલ છે. જેમાં તેઓનો તારીખ.૦૭–૦૨–૨૦૨૪નો પત્ર આવેલ જેમાં તેઓ તરફથી ઈ.ગર્વનન્સ સોફટવેર કાર્યરત કરવા માટે આગામી ત્રણ વર્ષ માટે એટલે કે તારીખ.૦૧–૦૪–૨૦૨૪ થી તારીખ.૩૧–૦૩–૨૦૨૭ સુધી ત્રણ વર્ષ માટે ૨૦% ના વધારા સાથે(જી.એસ.સી.સહીત) ત્રણ(૩) વર્ષ માટે રૂપીયા.૪,૬૮,૦૦૦/– અંકે રૂપીયા ચાર લાખ અડસઠ હજાર પુરામાં સદર કોન્ટ્રાકટ રીન્યુ કરી આપવા સંમતી આપેલ છે અને જરૂર પડે કોઈ પણ જાતનો સોફટવેરમાં સુધારો વધારાની જરૂર પડે તો અમો કોન્ટ્રાકટર ધ્વારા કરી આપવા ખાત્રી આપેલ છે અને સંમતી આપેલ છે. પૈકી વાર્ષીક એટલે કે એક વર્ષના રૂપીયા.૧,૫૬,૦૦૦/–અંકે રૂપીયા એક લાખ છપ્પન હજાર પુરા લેખે કુલ ત્રણ (૩) વર્ષ માટે તેઓ તરફથી કામગીરી કરવા સંમતી દર્શાવેલ છે અને ઓર્ડર રીન્યુ કરવા જણાવેલ છે.

આમ ઉપરોકત વિગતે એક વર્ષ માટે જુના ભાવ રૂપીયા.૧,૩૦,૦૦૦/–માં ૧૦% લેખે વધારો કરી એટલે કે તારીખ.૦૧–૦૪–૨૦૨૪ થી તારીખ.૩૧–૦૩–૨૦૨૭ એક વર્ષના રૂપીયા.૧,૪૩,૦૦૦/– અંકે એક લાખ તેતાલીસ હજાર પુરા થાય છે એટલે ત્રણ(૩) વર્ષ માટે રૂપીયા.૪,૨૯,૦૦૦/–અંકે રૂપીયા ચાર લાખ ઓગણત્રીસ હજાર પુરા લેખે પ્રમાણે મરકયુરી ઈનફોવે, અમદાવાદવાળી હાલની ચાલુ એજન્સીનો ઓર્ડર ત્રણ વર્ષ માટે તમામ ચાલતા સોફટવેર મેન્ટેનન્સ માટેનો કોન્ટ્રાકટ નગરપાલિકાની હાલની જરૂરીયાત હોઈ રીન્યુ કરવા મંજુર કરવામાં આવે છે અને તે અંગેનો થતો જરૂરી ખર્ચ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સદર કામગીરી તારીખ.૦૧–૦૪–૨૦૨૪ થી  તારીખ.૩૧–૦૩–૨૦૨૭ સુધી રૂપીયા.૪,૨૯,૦૦૦/–અંકે રૂપીયા ચાર લાખ ઓગણત્રીસ હજાર પુરા પ્રમાણે કુલ ત્રણ વર્ષ માટે મરકયુરી ઈનફોવે, અમદાવાદવાળી એજન્સી પાસે સોફટવેર મેઈન્ટેનન્સ જેવા કે, (૧) એરીયા બેઈઝ ટેક્ષ ખાતુ (૨) એસેટ બ્રાન્ચ (દુકાન ભાડા) (૩) પેરોલ સીસ્ટમ (પગાર) (૪) ઈનવર્ડ આઉટવર્ડ(૫) સામાન્ય પહોંચ(૬) વ્યવસાય વેરો(૭) ગુમાસ્તા ધારા(રીટ્રાઈવ) (૮) મેરેજ રજીસ્ટ્રેશન(રીટ્રાઈવ)(૯) જન્મ મરણ નોંધણી(રીટ્રાઈવ)નો સોફટવેર મેઈન્ટેનન્સ અંગેનો જરૂરી ખર્ચ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૭૩</u>
## <u>તારીખ. ૨૬–૦૭–૨૦૨૪</u>

**સેનિટેશન વિભાગના રીપોર્ટ વંચાણે લેતા મે.પ્રમુખશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની ભલમણ સહ સેનિટેશન વિભાગમાં સફાઈના કામ અર્થે ચાલતા સાધનોમાં ઘણા સમયથી સર્વિસ થયેલ ન હોય તથા હાલમાં ચોમાસાની ઋતુ ચાલતી હોય દિવસમાં ર થી ૩ વાહનોની બંધ થવાની ફરીયાદ આવતી હોય તથા હાલમાં પણ ચાલુ કામગીરી દરમ્યાન ડોર ટુ ડોર ટેમ્પાના બે(ર) ટાયર ફાટેલ છે. તથા ચાલુ કામગીરી દરમ્યાન ટ્રેકટર બંધ યઈ ગયેલ છે. જેને ખેંચીને ઓફિસ પરત લાવેલ. તથા હાલની ચોમાસાની ઋતુની પરિસ્થિતિ જોતા તમામ ટેમ્પા/ટ્રેકટરોની સર્વિસ કરાવાની તથા બંધ થઈ ગયેલ ટેમ્પા/ટ્રેકટર રીપેરીંગ કરાવવાના થાય છે. જેથી સફાઈ માટે ચાલતા ટેમ્પા/ટ્રેકટર રીપેરીંગ કરાવવા તથા જરૂરી ટયુબ/ટાયર નંખાવવા જરૂરી ભાવ મંગાવવા જરૂરી થતા ખર્ચથી પેપરમાં જાહેરાત આપવા આથી મંજુર કરવામાં આવે છે.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહી. નિતાબેન દિલીપભાઈ રાણા**

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૭૪
## તારીખ. ૨૬–૦૭–૨૦૨૪

આથી ઠરાવ કરવામાં આવે છે શહેરમાં આઠ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનો આવેલ છે. જેમાં જુદા જુદા વિસ્તારોના ગટરના પાણીનો નિકાલ થાય છે.

ખંભાત શહેરમાં જુદી જુદી જગ્યાએ ડ્રેનેજ પંપીંગ સ્ટેશનોમાં આવેલ પંપ, મોટરો, સ્ટાટર, પેનલ વિગેરે રીપેર કરવાની સમય મર્યાદા પૂર્ણ થઈ ગયેલ હોઈ તથા હાલની પરિસ્થિતિમાં મોટર પંપોમાં કચરો આવી જવાથી તથા ઈલેકટ્રીક ખામીને કારણે અમુક પંપીંગ સ્ટેશને મોટર/પંપ/સ્ટાર્ટર બંધ થઈ ગયેલ હોઈ જેના કારણે શહેરના મુખ્ય માર્ગો પર ગટર ઉભરાવવાની ફરીયાદો વધી ગયેલ હોઈ તથા સંદેશ અને દિવ્ય ભાસ્કરમાં આવેલ પ્રેસ નોટ તેમજ મે.કલેકટર સાહેબના મૌખિક આદેશ મુજબ તાત્કાલીક પંપ, મોટરો, સ્ટાટર, પેનલ વિગેરે રીપેર કરવા જરૂરી ભાવો મંગાવવામાં આવેલ. જેમાં આવેલા ભાવો પૈકી સ્કાય ઈલેકટ્રીકલ, વિઠ્ઠલ ઉધોગનગર, આણંદના સૌથી ઓછા ભાવો આવેલ. જેમાં ભરેલ ભાવોમાં જરૂરી નેગોસીએશન કરેલ. જે નીચે મુજબના ભાવો મંજુર કરવા માટે મે.પ્રમુખશ્રી અને ચીફ ઓફીસરશ્રીની નોંધ પર આગામી કારોબારી કમીટીમાં મંજુરીની અપેક્ષાએ મંજુરી મળેલ છે.

| વર્ટીકલ પંપ રીપેરીંગના ભાવ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ નં. | માલ-સામાનની વિગત | 20 H.P. | 25 H.P. | 30 H.P. | 35 H.P. |
| ૧ | સી. આઈ. ઈમ્પીલર | ૨૨૫૦ | ૨૨૫૦ | ૨૭૪૦ | ૨૭૪૦ |
| ૨ | સી. આઈ. પંપ કવર (ફાડીયા) | ૯૫૦૦ | ૯૫૦૦ | ૧૨૫૦૦ | ૧૨૫૦૦ |
| ૩ | પંપ હાઉસીંગ | ૩૪૫૦ | ૩૪૫૦ | ૪૧૩૫ | ૪૧૩૫ |
| ૪ | ઈમ્પેલર શાફ્ટ | ૧૮૫૦ | ૧૮૫૦ | ૨૨૪૦ | ૨૨૪૦ |
| ૫ | પંપ હાઉસીંગ બુસ ઘન મેટલ (અપર) | ૨૨૫૦ | ૨૨૫૦ | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૬ | પંપ હાઉસીંગ બુસ ઘન મેટલ (લોઅર) | ૨૨૫૦ | ૨૨૫૦ | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૭ | સી. આઈ. પંપ કવરના એસ. એસ. નટ બોલ્ટ | ૬૫ | ૬૫ | ૮૫ | ૮૫ |
| ૮ | હાઉસીંગ નટ બોલ્ટ એસ. એસ. | ૧૨૫ | ૧૨૫ | ૧૨૫ | ૧૨૫ |
| ૯ | એમ્પુલર ચાવી | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ |
| ૧૦ | એમ્પુલર નટ | ૧૭૫ | ૧૭૫ | ૧૭૫ | ૧૭૫ |
| ૧૧ | એમ્પુલર બેલેન્સીંગ | ૬૫૦ | ૬૫૦ | ૮૫૦ | ૮૫૦ |
| ૧૨ | પંપ કોલમ શાફ્ટ આટા સાથે | ૧૬૫૦ | ૧૬૫૦ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૧૩ | પંપ કોલમ પાઈપ ફેચ સાથે | ૩૨૫૦ | ૩૨૫૦ | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૧૪ | પંપ કોલમ બુસ ઘન મેટલ (શાફ્ટીંગ બુસ) | ૨૧૫૦ | ૨૧૫૦ | ૨૨૫૦ | ૨૨૫૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | એમ/એસ કોલમ કપલીન | ૨૫૦ | ૨૫૦ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૬ | મોટર ચાવી ગાળો શાફ્ટીંગ નટ | ૧૪૭ | ૧૪૭ | ૧૪૭ | ૧૪૭ |
| ૧૭ | પંપ પાટલો એમ/એસ | ૫૬૦૦ | ૫૬૦૦ | ૫૬૦૦ | ૫૬૦૦ |
| ૧૮ | મોટરનો એમ/એસ પાટલો | ૨૭૪૦ | ૨૭૪૦ | ૨૭૪૦ | ૨૭૪૦ |
| ૧૯ | પંપ શાફ્ટીંગ ઓઈલ | ૨૪૦ | ૨૪૦ | ૨૪૦ | ૨૪૦ |
| ૨૦ | કોલમ નટ બોલ્ટ એસ.એસ. | ૧૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૧૫૦ |
| ૨૧ | પંપ ઓઈલ સીલ | ૯૦ | ૯૦ | ૯૦ | ૯૦ |
| ૨૨ | પંપ કાઢવા ઉતારવાની મજુરી | ૩૫૦૦ | ૩૫૦૦ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૨૩ | પંપ કપલ સેટ મોટર સાથે જોડવાની મજુરી | ૫૫૦ | ૫૫૦ | ૫૫૦ | ૫૫૦ |
| ૨૪ | પંપ તથા મોટર લઈ જવાની તેમજ મુકી જવાની ટેમ્પા ભાડુ | ૧૪૮૦ | ૧૪૮૦ | ૧૪૮૦ | ૧૪૮૦ |

| વર્ટીકલ મોટર રીવાઈન્ડીંગ રીપેરીંગના ભાવ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ નં. | સામાનની વિગત | 20 H.P. | 25 H.P. | 30 H.P. | 35 H.P. |
| ૧ | મોટર રીવાઈન્ડીંગ ચાર્જ | ૧૯૫૦૦ | ૨૧૫૦૦ | ૨૪૫૦૦ | ૨૭૭૦૦ |
| ૨ | ઉપરની બેરીંગ ફીટીંગ ચાર્જ | ૨૨૫૦ | ૨૨૫૦ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૩ | નીચેની બેરીંગ ફીટીંગ ચાર્જ | ૨૧૫૦ | ૨૧૫૦ | ૨૩૫૦ | ૨૩૫૦ |
| ૪ | શાફ્ટ વેલ્ડીંગ મશીનીંગ ચાર્જ | ૧૮૫૦ | ૧૮૫૦ | ૨૧૫૦ | ૨૧૫૦ |
| ૫ | મોટર હાઉસીંગ (સી.આઈ.) ઉપર મોટર કવર | ૩૨૫૦ | ૩૨૫૦ | ૩૬૫૦ | ૩૬૫૦ |
| ૬ | મોટર હાઉસીંગ (સી.આઈ.) નીચે મોટર કવર | ૩૨૫૦ | ૩૨૫૦ | ૩૬૫૦ | ૩૬૫૦ |
| ૭ | મોટર શાફ્ટીંગ બનાવવાનું ચાર્જ | ૩૨૫૦ | ૩૨૫૦ | ૪૨૫૦ | ૪૨૫૦ |
| ૮ | મોટર સ્ટેપીંગ રીપેરીંગ | ૧૧૫૦ | ૧૧૫૦ | ૧૭૪૦ | ૧૭૪૦ |
| ૯ | રોટર બેલેંન્સીંગ | ૧૫૯૦ | ૧૫૯૦ | ૨૨૪૦ | ૨૨૪૦ |
| ૧૦ | ક્લઝ બોસ બનાવવાનો ચાર્જ | ૨૩૫૦ | ૨૩૫૦ | ૨૮૫૦ | ૨૮૫૦ |
| ૧૧ | મોટર કુલીંગ ફેન | ૬૫૦ | ૬૫૦ | ૮૪૦ | ૮૪૦ |
| ૧૨ | મોટર નટ બોલ્ટ | ૭૫ | ૭૫ | ૯૦ | ૯૦ |
| ૧૩ | મોટર બેરીંગ કવર સી.આઈ. ફીટીંગ ચાર્જ | ૯૪૦ | ૯૪૦ | ૧૨૪૫ | ૧૨૪૫ |
| ૧૪ | મોટર એસેમ્બલ કરી ટેસ્ટીંગ ચાર્જ | ૧૨૫૦ | ૧૨૫૦ | ૧૬૪૦ | ૧૬૪૦ |
| ૧૫ | મોટર લાવવા મુકી જવા માટે ટેમ્પા ભાડુ | ૧૪૮૦ | ૧૪૮૦ | ૧૪૮૦ | ૧૪૮૦ |

| મોટર સ્ટાર્ટર રીપેરીંગના ભાવ | | | |
|---|---|---|---|
| ક્રમ નં. | સામાનની વિગત | 20 H.P. | 30 H.P. |
| ૧ | સ્ટાર ડેલ્ટા ટાઈમર | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૨ | રીલે | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૩ | કોન્ટેક કીટ કોપર | ૬૪૦ | ૬૪૦ |
| ૪ | રીલે કોપર પટ્ટી | ૮૫ | ૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૫ | કોન્ટેક્ટર કોઈલ ફીટીંગ | ૬૪૦ | ૬૪૦ |
| ૬ | કોન્ટેક્ટર બેઈઝ પ્લેટ | ૨૪૫ | ૨૪૫ |
| ૭ | ઓક્ઝેલી કોન્ટેક બેઈઝ | ૯૦ | ૯૦ |
| ૮ | સ્ટાર્ટર ઓઈલ | ૧૮૦ | ૧૮૦ |
| ૯ | એમ્પીયર મીટર | ૫૪૦ | ૫૪૦ |
| ૧૦ | સીંગલ ફેઝ પ્રિન્ટર | ૭૩૫ | ૭૩૫ |
| ૧૧ | કોપર ફ્યુઝ 300A | ૧૭૭૦ | ૧૭૭૦ |
| ૧૨ | કોપર ફ્યુઝ ૨00A | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૩ | સ્ટાર્ટર વાયર | ૪૫૦ | ૪૫૦ |
| ૧૪ | સ્ટાર્ટર વાયરીંગ ચાર્જ | ૭૫૦ | ૭૫૦ |
| ૧૫ | V મીટર | ૨૪૦ | ૨૪૦ |
| ૧૬ | સ્ટાર્ટર ખોલવા ફીટીંગ કરવાની મંજુરી | ૪૩૦ | ૪૩૦ |

**આમ પંપીંગ સ્ટેશનોમાં આવેલ મોટર પંપ, પેનલો વિગેરે રીપેરીંગ કરાવવા માટે આવેલ સ્કાય ઈલેકટ્રીકલ, વિઠલ ઉધોગનગર, આણંદના ભાવોથી તાત્કાલીક કામગીરી કરાવેલ હોય ગુજ.નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૬૭(૩) હેઠળ ભવિષ્યમાં કોઈ કામ ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા સિવાયની શરતે મંજુર કરવામાં આવે છે. તથા આ બાબતે આગળની કાર્યવાહી અર્થે મે. પ્રમુખશ્રી, એકઝી.કમીટી ચેરમેનશ્રી અને ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.**

**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ**
**સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. સોનલબેન નિતિનકુમાર જોષી**
**સહી. નિતાબેન દિલીપભાઈ રાણા**
**સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**

<u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૭૫</u>

<u>તારીખ. ૨૬–૦૭–૨૦૨૪</u>

આથી ઠરાવવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત પ્રાદેશિક કચેરીના પત્ર ક્રમાંક :RCMVD/0601/02/2024 DT.01/03/2024 થી "સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ઘન કચરાના નિકાલ માટે તથા પ્રોસેસિંગની કામગીરી" ને રૂા.૨,૦૮,૩૧,૦૦૦/– મુજબ વહીવટી મંજુરી મળેલ. આ અંગે સદર કામગીરી માટે દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી ઓનલાઈન ટેન્ડરીંગ કરવા માટેનો ખર્ચ કરવા ઠરાવવમાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતિનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૭૬

## તારીખ. ૨૬–૦૭–૨૦૨૪

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ફાયરવિભાગમાં વ્હીગર એમ્બ્યુંલન્સ ગાડી નંબર.GJ 23 GA 0305 માં બંધ થયેલ હોવાથી જે ફાયરવિભાગનાં કર્મચારીએ રીપેરીંગ કરવા રીપોર્ટ આપેલ જે કર્મચારીએ આપેલ રીપોર્ટનાં અનુંસંધાને કાર્ગો મોટર્સ(ટાટા મોટર્સ)માં સું.જા.નંબર.૭૯૮/તારીખ. ૧૨–૦૭–૨૪થી કંપનીમાં આજરોજ મુકવા ગયેલ જે તે કંપનીવાળાએ વ્હીગર એમ્બ્યુલન્સ ચેક કરેલ જે તેમને તારીખ.૨૨–૦૭–૨૪ના રોજ કાર્ગો મોટર્સ(ટાટા મોટર્સ) કંપનીવાળાએ વ્હીગર એમ્બ્યુલન્સ ચેક કરી નીચે જણાવેલ ટાટા કંપનીમાં રીપેરીંગ કરવાનો એસ્ટીમેન્ટ આપવામાં આવેલ છે.

| અં.નં. | માલ સામન વિગત | ભાવ | જથ્થો | રકમ |
|---|---|---|---|---|
| (૧) | એન્જીન ઓઈલ | ૩૦૦–૦૦ | ૭.૫ લીટર | ૨૨૫૦–૦૦ |
| (૨) | ઓઈલ ફીલ્ટર | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૩) | ડીઝલ ફીલ્ટર | ૧૫૦૦–૦૦ | ૧ નંગ | ૧૫૦૦–૦૦ |
| (૪) | પ્રાઈમરી એર ફીલ્ટર | ૧૧૦૦–૦૦ | ૧ નંગ | ૧૧૦૦–૦૦ |
| (૫) | ફૂલ ફલ્ટર મૈન ફીલ્ટર | ૨૦૦૦–૦૦ | ૧ નંગ | ૨૦૦૦–૦૦ |
| (૬) | કોટન | ૧૨૦–૦૦ | ૦.૫ મીટર | ૬૦–૦૦ |
| (૭) | ગેર ઓઈલ | ૩૬૩–૦૦ | ૨.૨૫ લીટર | ૮૧૭–૦૦ |
| (૮) | ડીફરેન્ચર ઓઈલ | ૪૦૦–૦૦ | ૧.૫ લીટર | ૬૦૦–૦૦ |
| (૯) | લેફ સાઈડની સાઈડ લાઈટ | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૧૦) | લેફ સાઈડ ડોરનું લોક સેટ | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૧૧) | કલચ સ્લાવે એન્ડ માસ્ટર સીલીન્ડર | ૩૫૦૦–૦૦ | ૧ નંગ | ૩૫૦૦–૦૦ |
| (૧૨) | બ્રેક ઓઈલ | ૪૦૦–૦૦ | ૧ લીટર | ૪૦૦–૦૦ |
| (૧૩) | કલચ પ્લેટ | ૩૫૦૦–૦૦ | ૧ નંગ | ૩૫૦૦–૦૦ |
| (૧૪) | પ્રેસર પ્લેટ | ૪૦૦૦–૦૦ | ૧ નંગ | ૪૦૦૦–૦૦ |
| (૧૫) | કલચ બ્રગ | ૮૦૦–૦૦ | ૧ નંગ | ૮૦૦–૦૦ |
| (૧૬) | ડાયોલ પીન | ૫૦–૦૦ | ૧ નંગ | ૧૦૦–૦૦ |
| (૧૭) | મીસ્સિંગ પરત (એકસ્ટ્રા) | ––– | ૧ નંગ | ૧૫૦૦–૦૦ |
| (૧૮) | કલચ હાઉસીંગ | ૧૬૦૦૦–૦૦ | ૧ નંગ | ૧૬૦૦૦–૦૦ |
| (૧૯) | ચિલ્લામ | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૨૦) | કલચ ફાર્ક અને ફોર્ક સ્લીવ | ૨૦૦૦–૦૦ | ૧ નંગ | ૨૦૦૦–૦૦ |
| (૨૧) | એના બોન્ટ ટયુબ | ૫૦૦–૦૦ | ૧ નંગ | ૫૦૦–૦૦ |
| (૨૨) | ક્રાઉન ઓઈલ સીલ સેટ | ૨૬૦૦–૦૦ | ૧ નંગ | ૨૬૦૦–૦૦ |
| | | માલ સામાનનાં કુલ | | ૪૫૨૨૭–૦૦ |

લેબર વર્ક (મજુરી ચાર્જ)

| અ.નં. | લેબર વર્ક | ભાવ | જથ્થો | રકમ |
|---|---|---|---|---|
| (૧) | ફીલ્ટર ચેન્જ | --- | --- | ૫૫૦-૦૦ |
| (૨) | ચેન્જર | --- | --- | ૪૦૦-૦૦ |
| (૩) | વોસીંગ અને ગ્રીસીંગ | --- | --- | ૮૦૦-૦૦ |
| (૪) | જનરલ ચેક અપ | --- | --- | ૧૦૦૦-૦૦ |
| (૫) | કલચ અને પ્રેસર પ્લેટ ચેન્જ | --- | --- | ૭૫૦૦-૦૦ |
| (૬) | ચેન્જ | --- | --- | ૫૦૦-૦૦ |
| (૭) | સીલીન્ડર રીપ્લેશ | --- | --- | ૨૦૦૦-૦૦ |
| (૮) | ELE વાયરીંગ અને સાઈડ લાઈટ | --- | --- | ૧૦૦૦-૦૦ |
| (૯) | ડોર લોક ચેક રીપ્લેશ | --- | --- | ૧૦૦૦-૦૦ |
| (૧૦) | કામને સામાન જરૂરીયાત મુજબ રીપેરીંગ | --- | --- | ૧૦૦૦-૦૦ |
| (૧૧) | અને કલચ ઓઈલ સીલ સેટઅને | --- | --- | ૫૫૦૦-૦૦ |
| (૧૨) | લેથ નું કામ | --- | --- | ૩૫૦૦-૦૦ |
| | | | | ૨૪૭૫૦-૦૦ |

ઉપર માલ સામાન તથા મજુરી સાથે થતો કુલ ખર્ચ નીચે જણાવેલ છે.

| | |
|---|---|
| કુલ માલ સામાન નાખવાની રકમ | ૪૫૨૨૭-૦૦ |
| કુલ મજૂરી | ૨૪૭૫૦-૦૦ |
| ૧૮% ટેક્ષ | ૪૪૫૫-૦૦ |
| કુલ રકમ | ૭૪૪૩૨-૦૦ |

ઉપર માલ સામાન તથા મજુરી સાથે થતો કુલ ૧૮% ટેક્ષ સાથે ૭૪૪૩૨/રૂ.ખર્ચ કાર્ગો મોટર્સ (ટાટા મોટર્સ) ઓથોરાઈઝ ડીલર કંપનીમાંથી એસ્ટીમેન્ટ આપેલ જે તા.૨૨-૦૭-૨૪ ના રોજ આવેલ એસ્ટીમેન્ટથી રીપેરીંગ કરવા સું.જા.નંબર.૯૩૨/તારીખ.૨૨-૦૭-૨૪ થી આપેલ જે મંજુર કરવામાં  આવે છે. તથા ટાટા મોટર્સમાં રીપેરીંગ માટે વ્હીગર એબ્મ્યુલન્સ ગાડી નંબર.GJ 23 GA 0305 માં થયેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. રેખાબેન અલ્પેશકુમાર જાદવ
સહી. નિતાબેન દિલીપભાઈ રાણા